# શોધયાત્રા-૩૫

## ગાંડાચેરા જિલ્લોઃ ધલાઇ, ત્રિપુરા

## તારીખઃ ૧૩ થી ૧૮ મે, ૨૦૧૫

## શોધયાત્રી માટેની માર્ગદર્શિકા

**દરેક યાત્રીએ અને પરિવારના સભ્યોએ આ માર્ગદર્શિકા વાંચી-સમજી તેમાં સહી કરી સહયોગ રાશિ સાથે આ માર્ગદર્શિકા સૃષ્ટિ સંસ્થામાં જમા કરાવવી.**

૧. **ઓળખપત્રઃ** શોધયાત્રામાં જોડાનાર તમામ વ્યક્તિએ પોતાનું ઓળખપત્ર સાથે રાખવું. જેમ કે, મતદાર ઓળખપત્ર, ડ્રાઈવિંગ લાઇસન્સ વગેરે પૈકી કોઇ એક. રેલ્વે ટિકીટમાં સિનીયર સિટીઝન્સનો લાભ મેળવતા યાત્રીઓ અથવા તત્કાલ ટિકીટ લીધી હોય તેમાં પણ ઓળખ પત્ર જરૂરી હોય છે.
શોધયાત્રાના આઇકાર્ડમાં લગાવવા માટે તથા સ્થાનિક આયોજકને જમા કરાવવા માટે પાસપોર્ટ સાઇઝના ચાર ફોટા શોધયાત્રીએ સૃષ્ટિમાં રજીસ્ટ્રેશન ફોર્મ સાથે જમા કરવાવવા.

૨. **તાપમાનઃ** મેમાં અહીં ઉનાળાનો અંત સમય હોય છે. એ સમયે અહીં દિવસ દરમ્યાન તાપમાન **૩૪ અંશ** જેટલુ અને રાત્રિ દરમ્યાન **૨૪°** જેટલુ નીચુ રહેશે. અહીં મે મહીનામાં વરસાદની શક્યતા છે આથી રેઇનકોટ સાથે રાખવા.

૩. **પાથરણુંઃ** દરેક યાત્રીએ પોતાની જરૂરિયાત મુજબનું પાથરણું સાથે લઇને આવવું. સામાન વહન કરવા માટે ટ્રક અથવા ટ્રેક્ટર યાત્રામાં સાથે હશે. ટ્રેક્ટર ટ્રોલીમાં સામાન યાત્રીએ જાતે જ ચડાવવા-ઉતારવાનો હોય છે. કપડા માત્ર ત્રણ-ચાર જોડ જ લેવા. ટુંકમાં સામાન બને તેમ ઓછામાં ઓછો લાવવો જેથી વહન કરવામાં સરળતા રહે. એવું બને કે ક્યારેક સામાન ઉંચકીને પણ ચાલવુ પડે તો તમે ચાલી શકો તેની તૈયારી રાખવાની રહેશે.

૪. **પ્રાથમિક જરૂરિયાતોઃ** ટુવાલ, ટૂથબ્રશ, સાબુ, ત્રણ-ચાર જોડ પહેરવાનાં કપડાં, આ ઉપરાંત ઓછા વજનવાળી થાળી, વાટકી, ચમચી, પ્યાલો અવશ્ય સાથે લાવશો. જમવા માટે અહીં પડીયા, પતરાળા કે પેપરની થાળી આપવામાં આવશે નહીં. નોટ, પેન અને જો તમારી પાસે કેમેરો હોય તો સાથે લેશો. **ટૉર્ચ (બેટરી)**, માચીસ, મીણબત્તી, કપડાં સૂકવવાની દોરી, આ ઉપરાંત તમારી જરૂરિયાત મુજબની પ્રાથમિક દવાઓ, પૌષ્ટિક નાસ્તો(ખજૂર, ગોળ, ચણા, ચિક્કી વગેરે) સાથે લાવશો. બેગ બને ત્યાં સુધી ખૂબ ઓછા વજનવાળી છતા ટકાઉ હોય તે ઇચ્છનીય છે. સામાન વહન કરતા ટ્રક કે ટ્રેક્ટરમાં તમારી બેગ દબાણમાં પણ આવી શકે છે. કિંમતી અને નાજુક સામાન સાથે ન લાવવા અનુરોધ છે.

૫. **પદયાત્રાઃ** યાત્રામાં રોજનું સરેરાશ ૧૫થી ૨૦ કિલોમીટર ચાલવાની તૈયારી રાખવી પડશે. **શોધયાત્રીઓ સામાન વહન કરતા વાહનમાં બેસી શકશે નહિ. ચાલવું ફરજિયાત છે.** એવું બને કે ક્યારેક રાત્રે પણ ચાલીને રાત્રિ નિવાસ સ્થળ સુધી જવુ પડે. ચાલતી વખતે કોઇપણ પ્રકારની વાહનની સુવિધા મળવાપાત્ર નથી, તેથી શારીરિક રીતે સક્ષમ ના હોય તેવા યાત્રીઓને ન જોડાવવા આગ્રહભરી વિનંતી છે. ચાલતી વખતે જેમને ઓળખો છે અથવા જેમની સાથે આવ્યા છો તેમની સાથે ચાલવાનું નથી. નવા મિત્રો બનાવવા અને ચાલતાં-ચાલતાં સંવાદના માધ્યમથી શીખવાનો આનંદ ઉઠાવીશું. ચાલતી વખતે ચોકલેટ, વેફર, બિસ્કીટ જેવા પદાર્થો ખાઇને તેના રેપર કે પેકેટ રસ્તામાં કે જંગલમાં ક્યાંય ફેંકવાના નથી. જ્યાં બપોરનું ભોજન કે નિવાસ કરીએ ત્યાં પણ સંપૂર્ણ સ્વચ્છતા જાળવીશું. સૂર્યાસ્ત પછી જ્યારે પણ ચાલવાનું થાય ત્યારે સમૂહમાં જ ચાલવાનો આગ્રહ રાખીશું. સૌથી આગળ કે પાછળ ચાલવામાં રસ્તો ભૂલી જવાનું જોખમ રહેતું હોય છે. ચાલતી વખતે તમારા બગલ થેલામાં ગ્રામજનોને વહેંચવા માટે જરૂરી સાહિત્ય આયોજક તરફથી અપાય તે સાથે રાખવું ફરજિયાત છે. અવનવી વનસ્પતિઓ, બીજ, કંદ, ડાળી, ફળ, ફૂલ અને છાલ

તોડતા કે લેતા પહેલા સ્થાનિક ખેડૂત/સમુદાય કે આયોજકની પરવાનગી પછી જ લેવું. જે છોડ ઔષધિની સંખ્યા ઓછી હોય તે ન જ લેવું. ક્યાંય પણ શોધયાત્રીઓ થકી વિવિધતાને નુકસાન થાય તેવી કોઇ પ્રવૃત્તિ કરવાની નથી. જો કોઇ શોધયાત્રી પ્રકૃતિને નુકસાન થાય તેવી પ્રવૃતિ કરતો જણાશે તો આવા યાત્રીને શોધયાત્રા દરમ્યાન અધવચ્ચેથી પાછા મોકલી દેવામાં આવશે. ચાલતી વખતે શોધયાત્રાનો કાર્યક્રમ, અગત્યના ફોન નંબરો, સ્થાનિક આયોજકોના ફોન નંબરો ખીસ્સા ડાયરીમાં હાથવગા રાખવા, જેથી સમૂહથી છૂટા પડી જવાના સંજોગોમાં મદદરૂપ થઇ શકે છે.

૬. **સાદગીપૂર્ણ ભોજનઃ** સવારનો ચા-નાસ્તો અને બે ટાઇમ જમવાની સાદી વ્યવસ્થા માત્ર શોધયાત્રાના દિવસો દરમિયાન જે તે ગામોમાં સ્થાનિક ભાઈ-બહેનો દ્વારા કરાવવામાં આવી છે અને આશા છે સમયસર પૂરતું સાદું ભોજન મળશે. કોઈ કારણસર કોઇ જગ્યાએ જાતે રસોઈ કરીને પણ ખાવાની અથવા જે મળે તે પ્રમાણે ચલાવી લેવાની તૈયારી આપણે સહુ રાખીશું. શોધયાત્રી પોતાની સાથે સૂકો નાસ્તો લાવશે તે ઉપયોગી થઇ પડશે. ટ્રેનમાં આવતા અને જતા દરેક વ્યક્તિએ સ્વખર્ચે જમવાનું છે.

૭. **નોંધણી ફી/સહયોગ રાશિઃ** શોધયાત્રા દરમ્યાન ભોજન, સામાન વહન કરવા માટે ટ્રક/ટ્રેક્ટર, જીપ, જનરેટર, નિવાસ અને યાત્રા અગાઉનાં વ્યવસ્થા ખર્ચ પેટે શોધયાત્રીઓએ નીચે મુજબની સહયોગ રાશિ જમા કરાવવાની રહેશે. આ રાશિ એ સમગ્ર યાત્રા દરમિયાનની છે.

| | |
|---|---|
| **ખેડૂતો, માલધારીઓ, કારીગરો, ગ્રામીણ સંશોધકોઃ** | **રૂ. ૨૦૦૦/-** |
| **પ્રોફેશનલ કોર્સમાં ભણતા વિદ્યાર્થીઓ, શિક્ષકો, વેપારીઓ, પેન્શનધારકો અને નોકરીયાતોઃ** | **રૂ. ૩૦૦૦/-** |
| **એન.આર.આઇ અને વિદેશી નાગરીકો માટેઃ-** | **રૂ. ૫૦૦૦/-** |

અધવચ્ચેથી યાત્રા છોડનારને નાણાં પરત મળશે નહિ તેવી જ રીતે એક કે બે દિવસ માટે આવનારે પણ નોંધણી ફીની પૂરેપૂરી રકમ જમા કરાવવી પડશે. નાણાં સૃષ્ટિ કાર્યાલયમાં ચેક કે ડિમાન્ડ ડ્રાફ્ટ "સૃષ્ટિ/SRISTI" ના નામે બેંક ખાતામાં **(એકાઉન્ટ નંબર. ૦૩૨૦૧૦૧૦૦૦૧૨૧૩૧, એક્સિસ બેંક લિમીટેડ, વસ્ત્રાપુર બ્રાંચ, અમદાવાદ,** IFS Code – UTIB0000032) જમા કરાવી શકીએ તે રીતે મોકલવાનો રહેશે. ચેક કે ડ્રાફ્ટ મોકલતા અગાઉ તારીખ, સહી, રકમ વગેરે સ્પષ્ટ અને ભૂલ વગર લખેલા છે કે નહીં તે ચકાસીને મોકલવાં. બેંકમાં નાણાં કે ચેક જમા કરાવ્યા પછી તેની રીસીપ્ટ અચૂક સૃષ્ટિમાં જમા કરાવી અને નાણાં મળ્યા કે નહીં તેની ખરાઈ કરાવવી જરૂરી છે.

૮. **સ્વખર્ચે પ્રવાસઃ** રેલ્વે સ્ટેશનથી શોધયાત્રાના પ્રારંભ સ્થળ સુધી તથા શોધયાત્રાની પૂર્ણાહૂતિથી રેલ્વે સ્ટેશન સુધી પહોંચવા માટે જો સામૂહિક વ્યવસ્થા સૃષ્ટિ તરફથી કરવામાં આવશે તો જે કંઈ વાહન ખર્ચ થશે તે જે તે યાત્રીઓએ ભાગે પડતો ભોગવવાનો રહેશે. કોઈ કારણસર શોધયાત્રાના દિવસો સિવાય હોટલ કે ધર્મશાળામાં રોકાવું પડે તો તે ખર્ચ શોધયાત્રીએ ભોગવવાની તૈયારી રાખવી પડશે. શોધયાત્રામાં આવવા કે જવા માટેની ટીકીટની વ્યવસ્થા સૃષ્ટિ તરફથી કરવામાં નહીં આવે.

૯. **જોખમઃ** શોધયાત્રામાં દરેક યાત્રીએ સ્વખર્ચે અને સ્વજોખમે જોડાવવાનું છે. યાત્રા અગાઉ સમગ્ર રૂટ ઉપર આયોજકશ્રી તરફથી જરૂરી પ્રાથમિક વ્યવસ્થાઓ કરવામાં આવી છે, તેમ છતાં વિપરીત સંજોગોમાં જે કંઇ નિર્ણયો આયોજક તરફથી લેવાય તેમાં શોધયાત્રીઓએ સંપૂર્ણ સહયોગ આપવો પડશે. શોધયાત્રી યાત્રા દરમિયાન સ્થાનિક ગ્રામજનો સાથે ધર્મ, રાજકારણ કે અન્ય વિવાદીત વિષયોની ચર્ચા નહીં કરે તે ઇચ્છનીય છે. શોધયાત્રામાં ચાલતાં-ચાલતાં શીખવાની વૃત્તિ ધરાવતા જાગૃત ઉત્સાહી ખેડૂતો, કારીગરો, વિદ્યાર્થીઓ જોડાય તે અપેક્ષિત છે.

કોઇપણ પ્રકારનો માર્ગ અકસ્માત, હુમલો, કુદરતી આફત, માલસામાનની ચોરી વગેરે પરિસ્થિતિમાં આયોજક સંસ્થાની કોઇ જવાબદારી રહેશે નહીં. આ બાબતની જાણ જે-તે યાત્રીએ પોતાના પરિવારને કરવાની રહેશે.

૧૦. **શિસ્તઃ** દરેક શોધયાત્રીએ આયોજક તરફથી મળતી સૂચનાઓનું પાલન કરવાની તૈયારી સાથે જ જોડાવવાનું રહેશે.

શોધયાત્રા દરમિયાન તમાકુ પ્રોડક્ટ(બીડી, સીગરેટ, ગુટખા) કે શરાબ જેવા માદક પદાર્થો અને વ્યસનોનું સેવન પ્રતિબંધીત છે. શોધયાત્રા દરમિયાન માત્ર શાકાહારી ભોજન જ પીરસવામાં આવશે.

૧૧. **નિવાસઃ** શોધયાત્રા દરમિયાન સ્થાનિક વિસ્તારની ગ્રામીણ પ્રાથમિક શાળાઓમાં જ નિવાસની વ્યવસ્થા કરી છે. જ્યાં રાત્રી રોકાણ કરવાનું છે. એ શક્ય છે કે અહીં વીજળી ન હોય, લાઇટ-પંખા ન હોય, ઓરડાને બારી-બારણા ન હોય અને ક્યારેક આપણી જાતે જ સફાઇ કરીને રોકાવુ પડે તેની તૈયારી આપણે સૌ રાખીશું. અહીં સંડાસ-બાથરૂમની કોઇ સુવિધા નથી. ઓછામાં ઓછી ભૌતિક જરૂરિયાતો સાથે પોતાની જાતને કેળવવા આપણે સૌ સાથે મળીને મથીશું. જ્યાં ઓરડા ઓછા હોય ત્યાં ભાઈઓ અને બહેનોએ એક જ ઓરડામાં નિવાસ કરવાની તૈયારી રાખવી પડશે અથવા બહેનો ઓરડામાં અને ભાઇઓએ ખુલ્લામાં અથવા ઓસરીમાં સુવાની તૈયારી રાખવી પડશે.

૧૨. **ગ્રામસભાઃ** ગામમાં ગ્રામજનો સાથેની મિટીંગ થાય ત્યારે દરેક શોધયાત્રીએ હાજર રહેવું જરૂરી છે. કોઇપણ ગામમાં પહેલા ગ્રામજનો સાથે મિટીંગ કરવામાં આવશે તે પછી જ ભોજન કરીશું. શોધયાત્રીઓએ સવારે કેટલા વાગ્યે તૈયાર રહેવું તેની જાણ દરરોજ સાંજે આયોજક તરફથી જણાવવામાં આવશે.

૧૩. **સહપરિવાર યાત્રાઃ** શોધયાત્રામાં સહપરિવાર જે લોકો જોડાઈ શકે તેમનું સ્વાગત છે.

**આયોજક સંસ્થાઃ**

**સૃષ્ટિ,** AES બૉયઝ હોસ્ટેલ કેમ્પસમાં, યુનિવર્સિટી લાયબ્રેરી અને SBI બેંક નજીક,

નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.

ફોનઃ ૦૭૯-૨૭૯૧૩૨૯૩, ૨૭૯૧૨૭૯૨, web: www.sristi.org, Email : shodhyatra@sristi.org

# શોધયાત્રા-૩૫

## ગાંડાચેરા, જિલ્લોઃ ધલાઇ, ત્રિપુરા

## તારીખઃ ૧૩ થી ૧૮ મે, ૨૦૧૫

અમદાવાદ સ્થિત સૃષ્ટિ સંસ્થા વર્ષમાં બે વાર શિયાળા અને ઉનાળામાં પદયાત્રાનું આયોજન કરે છે. જે શોધયાત્રાના સૃષ્ટિ પરિવારમાં પ્રચલિત છે. આ શોધયાત્રા એ ચાલતાં-ચાલતાં શીખવાની એક અનન્ય યાત્રા છે. જેમાં યાત્રીઓ સ્થાનિક ગ્રામજનો, પ્રકૃત્તિ અને શોધયાત્રીઓ પાસેથી અરસપરસ શીખતા હોય છે. અહીં સૌ શીખવાની ભાવના સાથે સ્વેચ્છાએ જોડાય છે. સૃષ્ટિ સંસ્થાનું મુખ્ય કામ એ છે કે જે લોકોએ પોતાની રોજીંદી સમસ્યાઓમાં આપમેળે ઉકેલ શોધ્યો હોય તેઓને શોધીને સન્માનીત કરવા, તેઓની શોધમાં સંવર્ધન કરી બૌદ્ધિક પ્રતિભાના અધિકારોનું રક્ષણ કરવાની સાથે તેનો પ્રસાર કરવો. જે-તે  પ્રદેશમાં રહેલ વિશિષ્ટ પરંપરાગત જ્ઞાન લોકો પાસેથી જાણવું, શીખવું, સ્થાનિક વનસ્પતિઓના સંવર્ધન માટેના પ્રયત્નો કરવા. ટૂંકમાં કહીએ તો લોકો પાસે રહેલ કોઠાસૂઝ જ્ઞાનને જાણવા-શીખવા,  સમજવા અને  સન્માનવા માટેની આ અનોખી પદયાત્રા છે. જે સંપૂર્ણ સ્વખર્ચે યોજાય છે. શોધયાત્રા એ કોઇ પ્રોજેક્ટની પ્રવૃત્તિ નથી આ એક સ્વૈચ્છિક પ્રવૃત્તિ/આંદોલન છે. જેમાં ભાગ લેવા માટે એક જ માપદંડ છે અને એ છે નવું નવું જાણવાની ઉત્સુકતા.

**શોધયાત્રામાં શું કરીશુંઃ**

(૧) સ્થાનિક લોકોની કોઠાસૂઝને જાણીને સન્માનિત કરીશું.

(૨) શાળાના બાળકો અને ગ્રામીણ મહિલાઓમાં જૈવિક વિવિધતા પ્રત્યે જિજ્ઞાશા કેળવાય તે માટે વાનસ્પતિક વિવિધતા હરીફાઈ અને અપ્રચલિત અથવા વીસરાતી વાનગીઓની હરીફાઈનું આયોજન કરીશું.

(૩) ગામે-ગામ સ્થાનિક ગ્રામજનો સાથે મિટીંગ થશે અને અહીંની સ્થાનિક સમસ્યાઓ જાણવાનો પ્રયત્ન કરીશું. સૃષ્ટિના જ્ઞાનકોષમાં રહેલ પદ્ધતિઓ અને સંશોધનો જો તેઓને ઉપયોગી હશે તો અહીં ગ્રામજનો સમક્ષ રજૂ પણ કરવામાં આવશે. અર્થાત વણઉકેલાયેલ તકનીકી સમસ્યાઓને સમજી તેને ઉકેલવાની દિશામાં ચિંતન-મનન કરીશું.

(૪) સ્થાનિક પરંપરાગત જ્ઞાન ધારકો, શતાયુ મહિલાઓ, સ્થાનિક વૈદ્યો, સ્થાનિક કારીગરો, ગ્રામીણ સંશોધકો, અને જળ-જમીન-જંગલ સંરક્ષણમાં આપમેળે કરેલ વિશિષ્ટ પ્રયત્નોને સમજી તેઓનું ગામેગામ બહુમાન કરવામાં સહભાગી બનીશું.

(૫) ગામેગામ સ્થાનિક જ્ઞાન અને વાનસ્પતિક વિવિધતાનું ગ્રામીણ જ્ઞાન રજીસ્ટર(બેન્ક) બને તે માટે પ્રયત્નો કરવામાં આવશે.

(૬) આ વિસ્તારની દેશી જાતો અને જૈવિક વિવિધતાનું સંવર્ધન થાય તે માટે પ્રયત્ન કરીશું.

(૭) બિનખર્ચાળ અને બિનરાસાયણિકની ખેતી પદ્ધતિઓનો પ્રચાર-પ્રસાર કરીશું.

# નોંધણી ફોર્મ

<u>પ્રાથમિક માહિતી</u>

ભાગ લેનાર શોધયાત્રીનું પૂરું નામઃ...............................................................................

પૂરું સરનામુંઃ...............................................................................................................

.............................................................................................................................

પીનઃ.........................ફોનઃ.......................................મોબાઇલ.........................

ઈ-મેલઃ.......................................................................................................................

ઉંમરઃ............................ વ્યવસાયઃ.........................................................................

રસનો વિષયઃ...............................................................................................................

શોધયાત્રામાંથી શું શીખવા/જાણવાની અપેક્ષા છેઃ...........................................................

.............................................................................................................................

તમે અન્ય શોધયાત્રીને શું શીખવી કે જણાવી શકશોઃ.........................................................

.............................................................................................................................

તમે લોકસરવાણી(ગુજરાતી)/સૂઝબૂઝ આસપાસ કી(હિન્દી)/હનીબી(અંગ્રેજી) પૈકી કોઇ એક સામયિકના વાચક છો?હા.......ના......... *(જો આપે આ સામયિકો ન વસાવ્યા હોય તો લવાજમ ભરી યાત્રામાં જોડાતા પૂર્વે ઓછામાં ઓછા ત્રણ અંકનો અભ્યાસ જરૂર કરશો. જેથી સૃષ્ટિના ઉદ્દેશો અને વિચારધારાને સમજી શકો.)*

તમારા ગામ કે પ્રદેશમાંથી ઓછામાં ઓછા પાંચ ગ્રામીણ સંશોધકો કે વિશિષ્ટ પરંપરાગત જ્ઞાનધારકને શોધી તેઓની માહિતી જાણી, શીખી, લખીને લેતા આવશો અને તે શોધયાત્રામાં આયોજકશ્રીને જમા કરાવવાની રહેશે તથા આ માહિતી અન્ય શોધયાત્રી સમક્ષ પણ ગોષ્ઠિ દરમ્યાન રજુઆત કરવાની રહેશે.

આપની પાસે કોઈ દુર્લભ વૃક્ષોના બીજ, દેશી જાતો કે વિશિષ્ટ ખેતી પદ્ધતિઓ હોય તો સાથે લાવશો જેથી અહીંના ખેડૂતોને વહેંચી શકાય.

સૃષ્ટિ અને હનીબી નેટવર્કની વિચારધારાને તમારા વિસ્તાર/પ્રદેશમાં ફેલાવવા માટે તમે શું યોગદાન આપશો?.......................................................................................................

.............................................................................................................................

.............................................................................................................................

શોધયાત્રા અંગેની તમામ અગત્યની સૂચનાઓ મેં વાંચી છે, સમજી છે. હું શોધયાત્રામાં ચાલવા માટે શારીરિક રીતે સમક્ષમ છું. તેથી હું મારૂ નામ સ્વેચ્છાએ નોંધાવું છું. શોધયાત્રી તરીકે મારો સમાવેશ કરવા માટે હું આપને વિનંતી કરૂં છું.

| | |
|---|---|
| ________________________ | ________________________ |
| પરિવારના વરિષ્ઠ સભ્યની સહી<br>(પતિ-પત્નિ, પુત્ર) | શોધયાત્રામાં જોડાનાર સભ્યની સહી |

તારીખ :.....................

સ્થળ :.....................